


વરાછા રોડ
રસ્તા પર દબાણ નહીં,દબાણ વચ્ચે રસ્તો



પ્રાઇમ આર્કેડ, રાંદેરરોડ
ફૂટપાથ પર ચાલવાની જગ્યા નથી, રોડ સુધી દબાણ



એપીએમસી માર્કેટ
એક કિલોમીટરથી પણ લાંબી ફેરિયાઓની લાઇન



મજૂરા ગેટ, આરટીઓ
દિવસના તો ઠીક રાત્રે પણ ફેરિયાઓનો કબજો

રસ્તાઓ ચાલવા માટે છે કે ફેરિયાઓ માટે??

તંત્ર હપ્તા લેવામાં વ્યસ્ત અને રસ્તાઓ પર ફેરિયા-પાથરણાવાળાનો કબજો

સુરત મનપાના અધિકારીઓના પાપે રસ્તાઓ પર એટલું દબાણ થઈ ગયું કે તેના પરથી વાહનો પસાર થવા મુશ્કેલ

ફેરિયા અને પાથરણાવાળાઓને કારણે ગ્રાહકો પણ ઊભા રહેતા હોવાથી અકસ્માતનો પણ મોટો ભય

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્માર્ટ અને ક્લીન બનાવવાની વાતો કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. શહેરના મુખ્ય રસ્તાઓ અને બજારોમાં પાથરણાંવાળા અને ફેરિયાઓનું ગેરકાયદે સામ્રાજ્ય દિવસે ને દિવસે વધી રહ્યું છે, જેના કારણે સામાન્ય જનતા, વાહનચાલકો અને કાયદેસર વેપારીઓ ત્રસ્ત થઈ ગયા છે.

શહેરના વ્યસ્ત વિસ્તારો જેવા કે ચોક બજાર, ભાગલ, લાલગેટ, રાંદેર, વરાછા અને ઉધના સહિતના મુખ્ય માર્ગો પર પાથરણાંવાળાઓએ રસ્તાના મોટાભાગના ભાગ પર કબજો જમાવી લીધો છે. પરિસ્થિતિ એવી છે કે ચાલવા માટેનો ફૂટપાથ તો દૂર રહ્યો, પરંતુ મુખ્ય રસ્તો પણ સાંકડો થઈ જાય છે. વાહનચાલકોને પીક અવર્સ (આવવડા-જવડાના સમય) દરમિયાન ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. રસ્તા પર અચાનક ઊભા રહેતા ગ્રાહકોના કારણે અકસ્માતનો ભય પણ સતત તોળાયેલો રહે છે.

મનપાના અધિકારીઓની એ જવાબદારી છે કે રસ્તાઓ ખુલ્લા રહે પરંતુ હપ્તાખોરી અને સાથે સાથે નફ્ફટાઈને કારણે રસ્તાઓ પરથી ફેરિયા અને પાથરણાવાળાના દબાણો હટતાં નથી અને તેને કારણે લોકો હેરાન થઈ રહ્યા છે.

અમારો ધંધો કેવી રીતે ચાલે?": દુકાનદારોની વેદના

આ સમસ્યાનો બીજો અને વધુ ગંભીર પક્ષ એ છે કે જે વેપારીઓ હજારો-લાખો રૂપિયાનું ભાડું ભરીને, દુકાનના લાયસન્સ અને ટેક્સ ભરીને કાયદેસર વેપાર કરે છે, તેમનો ધંધો આ પાથરણાંવાળાઓના કારણે બેસી ગયો છે. દુકાનની બરાબર આગળ જ પાથરણાંવાળા બેસી જતા ગ્રાહકો દુકાન સુધી પહોંચી શકતા નથી. કાયદેસરના દુકાનદારોનો નફો ઘટતા, હવે મજબૂરીવશ તેમણે પણ પોતાની દુકાનની બહાર માલસામાન મૂકીને દબાણ કરવું પડી રહ્યું છે, જેથી સમગ્ર વ્યવસ્થા વધુ વણસી રહી છે.

તંત્રની બેદરકારી અને આગામી જોખમ

સ્થાનિક નાગરિકો અને વેપારીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં મહાનગરપાલિકાનું દબાણ વિભાગ માત્ર દેખાડા પૂરતી જ કાર્યવાહી કરે છે. દબાણ હટાવ્યાના થોડા જ કલાકોમાં ફેરિયાઓ ફરીથી પોતાની જગ્યાએ ગોઠવાઈ જાય છે. જો સમયસર આ બાબતે કોઈ કાયમી અને સચોટ આયોજન (જેમ કે ફેરિયાઓ માટે અલગ ઝોન કે વેન્ડિંગ ઝોન બનાવવું) કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં આ સમસ્યા સુરતના વેપાર અને ટ્રાફિક માટે વધુ ગંભીર રૂપ ધારણ કરી શકે છે.

SMIMERની MBBSની વિદ્યાર્થિનીને આપઘાતના વિચારો આવતા દોડધામ

હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીની તબિયત લથડતાં સિનિયર તબીબોએ તાત્કાલિક સારવાર આપી

સુરત: SMIMER મેડિકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી MBBSની એક વિદ્યાર્થિનીને અચાનક આપઘાતના વિચારો આવતાં કોલેજ કેમ્પસ અને હોસ્પિટલ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની ગંભીરતા પારખી સિનિયર તબીબોએ સમયસૂચકતા દાખવી તાત્કાલિક દરમિયાનગીરી કરી હતી અને વિદ્યાર્થિનીને તબીબી સારવાર પૂરી પાડી હતી. સમયસર પગલાં લેવાતાં હાલ વિદ્યાર્થિનીની હાલત સ્થિર અને નિયંત્રણ હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. આ વિદ્યાર્થિની છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવ અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી પીડાતી હતી, જે અંગે તેની સારવાર પણ ચાલી રહી હતી.

દરમિયાન, હોસ્ટેલમાં તે પોતાના મોબાઇલ ફોનમાં વ્યસ્ત હતી ત્યારે અચાનક તેને આપઘાતના વિચારો આવવા લાગ્યા હતા. આ મામલે જાણ થતાં જ હોસ્પિટલના સિનિયર ડોક્ટરો તાબડતોબ દોડી આવ્યા હતા અને સ્થિતિ વણસે તે પહેલાં જ વિદ્યાર્થિનીને તાત્કાલિક સઘન સારવાર વિભાગમાં ખસેડી સારવાર શરૂ કરી દીધી હતી.

મનોચિકિત્સકો દ્વારા કાઉન્સેલિંગ, MLC દાખલ

વિદ્યાર્થિનીને હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ મનોચિકિત્સા વિભાગ (સાયકિયાટ્રી)ના નિષ્ણાત તબીબોએ તેની તપાસ હાથ ધરી હતી અને જરૂરી મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ શરૂ કર્યું હતું. તબીબોના જણાવ્યા મુજબ, સમયસર મળેલી તબીબી સહાયથી મોટી દુર્ઘટના ટળી શકી છે. સમગ્ર મામલાની સંવેદનશીલતા અને કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે હોસ્પિટલ તંત્ર દ્વારા નિયમ મુજબ મેડિકો-લીગલ કેસ પણ નોંધવામાં આવ્યો છે.

મામલો દબાવવાના કથિત પ્રયાસ અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર સવાલો

આ ઘટના સામે આવ્યા બાદ સ્મીમેર કેમ્પસમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ છે. એવા પણ આક્ષેપો અને ચર્ચાઓ ચાલી રહી છે કે કોલેજના જવાબદાર સત્તાધીશો દ્વારા શરૂઆતમાં આ સમગ્ર મામલો દબાવી રાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, આ બનાવે મેડિકલ અભ્યાસક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ પર રહેતા ભારે માનસિક દબાણ, સ્પર્ધાત્મક વાતાવરણ અને લાંબા કલાકોના તણાવ સામે ફરી એકવાર ગંભીર સવાલો ખડા કર્યા છે.

પ્રેમીને બાંધી પ્રેમિકા પર સામૂહિક બળાત્કાર કેસમાં 1ને આજીવન કેદ

દેવધમાં પ્રેમી સાથે બેઠેલી યુવતીને આરોપીઓ કેળના ખેતરમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો

નાસતા ફરતા બે આરોપી સામે અલગથી ચાર્જશીટ કરવા કોર્ટનો હુકમ

સુરત : પૂણા પોલીસ સ્ટેશને હદમાં આવેલા દેવધ રઘુવીર માર્કેટ સામે ચાર વર્ષ પહેલા બનેલા ચકચારીત ગેંગરેપ કેસમાં આરોપી ગોપાલ સુખદેવ ઉર્ફે શુદ્ધદેવ મન્નાને મૃત્યુ સુધીની સખ્ત કેદની સજા સેશન્સ કોર્ટે ફટકારી હતી.

આ કેસમાં જામીન પર છુટી નાસતા ફરતાં બે આરોપી સામે અલગથી ચાર્જશીટ કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકારી વકીલ દિગંત તેવર કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. આ કેસની હકીકત એવી હતી કે તા. ૧૧/૦૯/૨૦૨૨ ના રોજ ગોડાદરા વિસ્તારમાં રહેતી યુવતી પોતાના પ્રેમી સાથે રાત્રે દેવધ રઘુવીર માર્કેટ સામે બાઈક પર બેઠાં હતા. ત્યારે આરોપીઓએ ધસી આવી કેળાના ખેતરમાં લઈ ગયાં હતાં. સામુહિક બળાત્કાર ગુજારી લૂંટ કરી હતી.

પોલીસે બળાત્કાર કરનાર આરોપીઓને શોધી કાઢી આરોપી વિદેશી ઉર્ફે વિકાસ ઉર્ફે ટકલા ઉમેશ યાદવ (રાજીવ નગર ઝૂંપડપટ્ટી, ન્યુ બોમ્બે માર્કેટ સામે), ગોપાલ સુખદેવ ઉર્ફે શુદ્ધદેવ મન્ના (મુળ પશ્ચિમ બંગાળ), જીતેન્દ્રકુમાર ઉર્ફે ફુલચંદ મનોહર યાદવ (મુળ બિહાર) પૈકી ગોપાલને પકડી પાડ્યો હતો.

તમામે વારાફરતી અને બે આરોપીએ બે વખત બળાત્કાર ગુજાર્યો હતો

આરોપીઓએ વારાફરતી અને બે આરોપીએ બે વખત બળાત્કાર ગુજારતાં ભોગ બનનારનાં ગ્રુપ ભાગેથી પડેલું લોહી કેળના પાન પર પડ્યું હતું. જે લેબ રિપોર્ટ માટે કબ્જે લેવાયું હતું. ભોગ બનનારની જુબાની સચોટ રહી હતી. બચાવ પક્ષે ભોગ બનનાર દ્વારા પ્રેમીને બચાવવા માટે બનાવની અલગ અલગ જગ્યા બતાવી હોવાની રજુઆત કરી હતી.

ગુજરાતના સૌપ્રથમ આર્કિટેક્ચર ટાઉન પ્લાનર અને

સુરતના આધુનિક વિકાસના શિલ્પી પૂર્વ DOP આરડી દેસાઈની વિદાય

સુરત પહેલા આરડી દેસાઈએ સાપુતારાનો ડેવલપમેન્ટ પ્લાન બનાવ્યો હતો

સુરતના મોટા ભાગના વિકાસમાં આરડીની ટીપી સ્કીમનો મોટો ફાળો રહ્યો

સુરતઃ સુરત શહેરના ડાયરેક્ટર ઓફ ટાઉન પ્લાનિંગ તરીકે નેત્રદીપક કામગીરી કરનાર આર.ડી. દેસાઈએ આજરોજ ટૂંકી બીમારી બાદ અંતિમ શ્વાસ લીધા હતા.

સુરતના વિકાસના પાયામાં આર. ડી. દેસાઈ હતા એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. ૭ માર્ચ, ૧૯૪૨ના દિવસે જન્મેલા રમેશચંદ્ર દેસાઈનો પરિવાર મૂળ સુરત નજીકના કોસમાડા ગામનો. પણ પિતા ધીરજલાલ દાયકાઓથી સુરત આવીને વસેલા. આર.ડી. ના હુલામણા નામે જાણીતા રમેશચંદ્ર દેસાઈએ વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી આર્કિટેક્ચરની તેમજ દિલ્હીની નેશનલ સ્કુલ ઓફ પ્લાનિંગમાંથી ટાઉન પ્લાનર તરીકેની ડિગ્રી મેળવી. એ રીતે આર.ડી. ગુજરાતના સર્વપ્રથમ 'આર્કિટેક્ચરલ ટાઉન પ્લાનર' બન્યા. એ પહેલાના તમામ ટાઉન પ્લાનર્સ સિવિલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવ્યા બાદ ટાઉન પ્લાનર બનેલા.

સુરત આવતા પહેલા ઇસ ૧૯૬૭માં આર.ડી. દેસાઈને ફાળે નવા વિકસી રહેલા ગિરિમથક સાપુતારાનો ડેવલપમેન્ટ પ્લાન બનાવવાનું કામ આવ્યું. સરકારે સાપુતારા ખાતે દરિયાની સપાટીથી સાડા ત્રણ હજાર ફીટ ઉંચે રાજ્યનું સર્વપ્રથમ ગિરિમથક વિકસાવવાનું નક્કી કર્યું, સાપુતારાને વિકસાવતા પહેલા સ્થાનિક આદિવાસીઓના વિસ્થાપનને લગતા પ્રશ્નો પણ હતા. એ જમાનામાં તો સૌથી નજીકના શહેર સુરતના લોકો માટે સાપુતારા સુધી પહોંચવું ય કઠિન ગણાતું! પરંતુ આર.ડી. દેસાઈએ કુનેહપૂર્વક તમામ મુસીબતોમાંથી રસ્તો કાઢીને સફળતાપૂર્વક ગિરિમથક સાપુતારાના વિકાસનો પાયો નાખ્યો. એ પછી તેઓ સુરત મહાનગર પાલિકામાં ટાઉન



પ્લાનર તરીકે જોડાયા, અને સમયાંતરે શહેરના પ્રથમ ડાયરેક્ટર ઓફ ટાઉન પ્લાનિંગ પણ બન્યા. સુરત ખાતે કાર્યકાળ સંભાળ્યા બાદ આર.ડી.એ સૌથી પહેલું કામ આડેધડ થતા બાંધકામોને બદલે કોર્પોરેશનના નિયમોના કડક પાલનનું કર્યું. કહે છે કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બિલ્ડીંગના બાંધકામ માટે જે નિયમો નક્કી કરવામાં આવ્યા છે, એના ઘડતરમાં પણ આર.ડી. દેસાઈનો સિંહફાળો છે.

સુરત કોર્પોરેશનમાં અધિકારી તરીકે આર.ડી.એ સાંસ્કૃતિક, સ્ટેડીયમ, લેન્ડ એન્ડ એસ્ટેટ સહિતના ઘણા ખાતા સંભાળ્યા. પરંતુ ટાઉન ડેવલપમેન્ટ, ટાઉન પ્લાનિંગ, ગાર્ડન અને સેન્ટ્રલ ડિઝાઈન જેવા ખાતાઓ છેક રિટાયરમેન્ટ સુધી આર.ડી.ને હસ્તક જ રહ્યા.

સુરતમાં આજે મોટાભાગના બગીચાઓ અને રસ્તાઓના આયોજનબદ્ધ પ્લાનિંગમાં દાયકાઓ અગાઉ આર.ડી. દેસાઈએ બનાવેલી ટાઉન પ્લાનિંગ સ્કીમ્સનો મોટો ફાળો. મજાની વાત એ છે કે કોંગ્રેસનાં એકચક્રી શાસનનાં વર્ષો દરમિયાન નિમણુંક પામેલા આર.ડી.દેસાઈ ઇસ ૨૦૦૦માં નિવૃત્ત થયા ત્યાં સુધીમાં શહેરમાં ભાજપનો સૂર્ય મધ્યાહ્ને પહોંચી ચૂકેલો. તેમ છતાં એકચ્ક્ષેય પક્ષના રાજકારણીઓ-નેતાઓને આર.ડી.ની ક્ષમતા બાબતે રતીભાર શંકા નહોતી. પોતાના કાર્યકાળ દરમિયાન તેમજ નિવૃત્તિ બાદ પણ આર.ડી. દેસાઈ સાહેબ શહેરની સંખ્યાબંધ સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા. ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાનો માટે બનતું કરી છૂટવામાં તેઓ હંમેશા તત્પર રહેતા. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્કિટેક્ચરલ કોલેજની સ્થાપનાથી માંડીને આર્કિટેક્ટ્સના રાષ્ટ્રીય સંગઠન 'ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ - આઇઆઇએ'નું સુરત ચેપ્ટર શરુ કરવામાં એમની પ્રેરણા અને સિંહફાળો રહ્યા. અંતિમ વિદાય આપવા માટે સ્મશાનમાં ઉમટેલા ચાહકો એ વાતની સાબિતી છે કે આર.ડી.દેસાઈ સાહેબની આર્કિટેક્ટશાઈ આયોજનરીતિ, વકીલશાઈ સમાધાનવૃત્તિ અને વડીલશાઈ સમજશક્તિને આ શહેર કદી નહિ ભૂલે.

ઉત્રાણ સ્ટેશન પર વધારાની લૂપ લાઈન, ટ્રેકની સંખ્યા પાંચ થઈ

ટ્રેક વધતાં લાંબા અંતરની ટ્રેનોના સંચાલનને મળશે નવો આયામ

સુરતઃ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે સુરત ક્ષેત્રમાં રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા દિશામાં મહત્વની સિદ્ધિ મેળવી છે. ઉત્રાણ સ્ટેશન પર એક વધારાની લૂપ લાઈનનું નિર્માણ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ સાથે જ સ્ટેશન પર ઉપલબ્ધ રેલ ટ્રેકોની સંખ્યા ચારથી વધીને પાંચ થઈ ગઈ છે. આ વધારાની લાઈન શરૂ થવાથી સ્ટેશનની પરિચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે અને ટ્રેનોના સંચાલનને વધુ સરળ, વ્યવસ્થિત અને લચીલું બનાવવામાં મદદ મળશે.

ઉત્રાણ સ્ટેશન પર 1 અને 2 નવેમ્બરે 6 પેસેન્જર અને મેમુ ટ્રેનો નહીં ઊભી રહે

ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવા માટે ચાલી રહેલી યાર્ડ રિમોડેલિંગની કામગીરી હવે પૂર્ણતાના આરે છે. આ કારણે 1 નવેમ્બરથી 2 નવેમ્બર દરમિયાન કેટલીક મેમુ અને પેસેન્જર ટ્રેનો પ્રભાવિત રહેશે. ઉત્રાણ સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મને અસ્થાયી રૂપે ડિસમેંટલ કરી દેવામાં આવ્યું છે અને ઉત્તર દિશામાં 600 મીટર લાંબા નવા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મહત્વના વિકાસ કાર્યને કારણે 1 નવેમ્બર 2026 થી 2 નવેમ્બર 2026 સુધી ઉત્રાણ સ્ટેશન પર વલસાડ-વડોદરા પેસેન્જર, વિરાર-ભરૂચ એક્સપ્રેસ, સુરત-વડોદરા મેમુ, સુરત-વડોદરા મેમુ, સુરત-ભરૂચ મેમુ, બોરીવલી-વટવા એક્સપ્રેસ થોભશે નહીં.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના જણાવ્યા મુજબ, ઉત્રાણ સ્ટેશન પર નવનિર્મિત વધારાની લૂપ લાઈન રેલ ટ્રેન આવાગમનની દ્રષ્ટિએ ગેમચેન્જર સાબિત થશે. આ સુવિધા શરૂ થવાથી સ્ટેશન પર ટ્રેનોને શરૂ કરવા અને ટર્મિનેટ કરવાની પરિચાલન સંબંધિત સંભાવનાઓનો વિસ્તાર થયો છે. ખાસ કરીને લાંબા અંતરની ટ્રેનો ઉત્રાણ સ્ટેશનથી શરૂ થવા અને અહીં યાત્રા સમાપ્ત કરવા માટે જરૂરી પરિચાલન આધાર ઉપલબ્ધ થયો છે.

ચા લેવા ગયા ત્યાં ત્રણ મહિલાએ ખેડૂતનો મોબાઈલ સેરવી લીધો!

લાલ દરવાજા પાસે ગણેશ ટી સ્ટોલ પર ચા પાર્સલ કરાવતી વખતે નજર ચૂકવી ખિસ્સામાંથી ફોનની ચોરી

સુરતઃ લાલ દરવાજા, ગણેશ ટી સ્ટોલ પર ચા પાર્સલ કરાવતી વખતે મહિલાઓએ ચાની લારીવાળા સાથે વાત કરવાના બહાને ખેડૂતનું ધ્યાન ભટકાવી તેનો કિંમતી મોબાઈલ ચોરી લીધો હતો.

જામનગર જિલ્લાના લાવડીયા નજીક આવેલા ચંદ્રાગા ગામના 41 વર્ષીય મનીષભાઈ હીરજીભાઈ વસોયા 11 ઓક્ટોબરના રોજ પત્નીનું ઓપરેશન કરાવવા માટે સુરતના લાલ દરવાજા વિસ્તારમાં આયુષ ડોક્ટર હાઉસમાં આવેલી ગેસ્ટ્રોન હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. સવારે આશરે પોણા અગિયાર વાગ્યે તેઓ પિતરાઈ ભાઈ ભીખાભાઈ પોપટભાઈ વસોયા સાથે હોસ્પિટલની નીચે ચા પીવા ગયા હતા. ત્યારે ચાની લારીવાળા સાથે વાત કરવાના બહાને ત્રણ અજાણી મહિલાઓએ મનીષભાઈનું ધ્યાન અન્યત્ર દોરી ખિસ્સામાંથી કિંમતી ફોન કાઢી લીધો હતો. ચા લઈને હોસ્પિટલના પાર્કિંગમાં પહોંચ્યા બાદ ફોન કરવા જતાં મોબાઈલ ખિસ્સામાં ન હોવાનું માલૂમ પડ્યું હતું. પોતાની રીતે શોધખોળ કરવા છતાં ફોન મળ્યો નહોતો. તે સમયે મોબાઈલનું બિલ અને આધાર પુરાવા ન હોવાથી તેમણે ફરિયાદ નોંધાવી નહોતી. બાદમાં બિલ મળી આવતાં તેઓ સુરત આવી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ચોરી થયેલા ફોનની હાલની કિંમત રૂ.60 હજાર આંકવામાં આવી છે. મહિધરપુરા પોલીસે ત્રણ અજાણી મહિલાઓ સામે તપાસ હાથ ધરી છે.

ડિગ્રી રદ થઈ છતાં સારવાર કરતો ડોક્ટર પકડાયો

સુરતઃ સગરામપુરા, ક્ષેત્રપાળ દાદા મંદિર નજીક શીફા કેર ક્લિનિકમાં કોઈ માન્ય તબીબી ડિગ્રી કે લાઇસન્સ વિના દર્દીઓની સારવાર કરતા અખ્તર ફરીદભાઈ શેખને પકડી લેવાયો હતો. અખ્તર અગાઉ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અનધિકૃત તબીબી વ્યવસાયના ગુનામાં ઝડપાયો હતો અને તેની BHMS ડિગ્રી રદ થઈ ગઈ હતી. છતાં પણ તે દર્દીઓની સારવાર કરતો હતો. પોલીસ અને આરોગ્ય વિભાગની સંયુક્ત રેડમાં રૂ.3.85 લાખનો દવાઓ તથા તબીબી સાધનોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ સુરેન્દ્ર શાલીકરામને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપી કોઈ માન્ય ડિગ્રી કે લાઇસન્સ વિના એલોપેથિક, ઇલેક્ટ્રોપેથીક અને હોમિયોપેથીક દવાઓ રાખી દર્દીઓની સારવાર કરતો હતો.

સંક્ષિપ્ત સમાચાર

આજે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન યુવા સંગઠન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ

સુરતઃ અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન યુવા સંગઠન તેમજ પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા ભવ્ય 'ઇન્ટરનેશનલ મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૬, શનિવારના રોજ વિશ્વના ૭ દેશોના ૧૫૧ સ્થળોએ આ મહા રક્તદાન કેમ્પ એકસાથે યોજાશે. આ મહાસેવા યજ્ઞ અંતર્ગત સુરત જિલ્લામાં વરાછા, ડિંડોલી, પાલ, કામરેજ, કતારગામ, બમરોલી અને બારડોલી સહિત ૧૬ મુખ્ય સ્થળોએ કેમ્પ યોજાશે, જેમાં અગણિત યુવા ભાઈ-બહેનો રક્તદાન કરશે. માનવસેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી બની કોઈના જીવનમાં આશાનું કિરણ બનવા અને સરદાર સાહેબના રાષ્ટ્ર સેવા કાર્યોને રક્તદાન દ્વારા યાદ કરવા આયોજકોએ જાહેર જનતાને અનુરોધ કર્યો છે.

સુરતમાં પહેલીવાર ભવ્ય સ્વરૂપે હરિયાણા દિવસની ઉજવણી કરાશે



સુરતઃ આગામી 1 નવેમ્બરના , રવિવારના રોજ હરિયાણા દિવસ નિમિત્તે હરિયાણા સર્વ સમાજ - સુરત, ગુજરાત દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં હરિયાણવી સંસ્કૃતિ, લોકસંગીત અને હાસ્યની ત્રિવેણી જોવા મળશે. કાર્યક્રમ અંગે માહિતી આપતા હરિયાણા સર્વ સમાજના મહામંત્રી કિશન શર્માએ જણાવ્યું હતું કે, સુરતમાં હરિયાણા દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમમાં હરિયાણાની લોકસંસ્કૃતિની ઝલક રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે હરિયાણાના જાણીતા લોકગાયક રાકેશ શ્યોરાણ અને મોહન દલાલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. બંને કલાકારો હરિયાણવી લોકગીતો અને કોમેડી દ્વારા ઉપસ્થિત લોકોને મનોરંજન પૂરું પાડશે.

સુરત સરકારી મેડિકલ કોલેજના ડીનની વયનિવૃત્ત, ડો. ચેતન આચાર્યને ચાર્જ



સુરતઃ સરકારી મેડિકલ કોલેજમાં ડીનની જગ્યા ખાલી પડતાં ફાર્માકોલોજી વિભાગના પ્રાધ્યાપક ડો.ચેતન આચાર્યને ડીનનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આ અંગેનો સત્તાવાર હુકમ કરવામાં આવ્યો છે. સરકારી મેડિકલ કોલેજ, સુરતના ડીન વર્ગ-1ની જગ્યા પર ફરજ બજાવતા ડો.જયેશ બ્રહ્મભટ્ટની વયનિવૃત્તિ તા.31 ઓક્ટોબરના રોજ પૂર્ણ થનાર હોવાથી તા.1 નવેમ્બરથી ડીનની જગ્યા ખાલી પડશે. જેને પગલે વહીવટી કામગીરીમાં સાતત્ય જળવાઈ રહે તે માટે ફાર્માકોલોજી વિભાગના પ્રાધ્યાપક ડો.ચેતન આચાર્યને તેમની હાલની ફરજો ઉપરાંત ડીનનો વધારાનો હવાલો સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા ડીન તરીકે ડો.ચેતન આચાર્ય 1 નવેમ્બરે ચાર્જ લેશે.